બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# કૂવા પાસે સ્ત્રી

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

Alastair Paterson

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈસુ તેના શિષ્યો સાથે સમરૂનના પ્રાંતમાંથી મુસાફરી કરી રહ્યો હતો. તેઓ સૈખર નામના એક નગરમાં આવી પહોંચ્યા છે.



ત્યાં એક કૂવો આવેલો હતો કે જ્યાંથી સૈખરના લોકો પીવા માટે પાણી ભરી જતા હતા. યાકૂબ જે ઈસ્રાએલી લોકોનો પિતા હતો  તેણે આ કૂવો ઘણા વર્ષો પહેલા ખોદાવ્યો હતો.



બપોરના પ્રથમ પહોરમાં સૂર્યપ્રકાશને કારણે ખૂબ જ ગરમી હતી. ઈસુ થાકેલો હોઈ કૂવાની પાસે આવીને બેસી ગયો, જ્યારે તેના શિષ્યો સૈખરના બજારમાં ખાવાનું ખરીદવા માટે નીકળ્યા.





ઈસુ ત્યાં એકલો હતો – પણ લાંબા સમય માટે નહીં. સૈખર શહેરની એક સ્ત્રી ત્યાં પાણી ભરવા આવી.

“મને પાણી પા” ઈસુએ તેને પૂછ્યું.



આ સ્ત્રીને આશ્ચર્ય લાગ્યું. "તું યહૂદી થઈ અમ સમરૂની પાસે કેવી રીતે પાણી માંગી શકે?" તેણીએ પૂછ્યું. એ સમયોમાં યહૂદી લોકો સમરૂની સાથે કોઈ સંબંધ રાખતા ન હતા.

તેને કદાચ વધુ આશ્ચર્ય
લાગ્યુ હશે જ્યારે
ઈસુએ તેને કહ્યું કે,
"તું ક્વચીત જાણતી
હોત કે હું કોણ છું,
અને તેં માંગ્યું હોત તો
હું તને જીવતું પાણી
આપત."



એ સ્ત્રીએ ઈસુને કહ્યું,
“તમારી પાસે પાણી
કાઢવા માટે કશું પણ
નથી અને કૂવો ઊંડો
છે. તો પછી તમે કેવી
રીતે જીવતું પાણી આપી
શકો?શું તમે અમારા પિતા,
યાકૂબ જેણે અમના આ કૂવો
આપ્યો તેના કરતાં મહાન છો?”





“જે કોઈ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે,” ઈસુએ તે સ્ત્રીને કહ્યું. “પણ જે પાણી હું તમને આપીશ તે જે કોઈ પીશે તેને કદી ફરી તરસ લાગશે નહીં. હું જે પાણી આપીશ... તે અનંતકાળ સુધી ઝરો બનીને વહ્યા કરશે.” સાહેબ, મને પણ તે પાણી આપો. સ્ત્રીએ પૂછ્યું.

ઈસુએ તે સ્ત્રીને કહ્યું કે તું જઈને તારા પતિને બોલાવી લાવ. “મારે કોઈ પતિ નથી.” સ્ત્રીએ જવાબ દીધો. “તારે પાંચ પતિ હતા.” ઈસુએ જવાબ આપ્યો. “અને જેની સાથે તું રહે છે તે તારો પતિ નથી.”



તરત જ એ સ્ત્રીને ખબર પડી કે ઈસુ એક પ્રબોધક હતો. તેણીએ તેની સાથે દલીલબાજી કરીને આપણે ઈશ્વરનું ભજન ક્યાં કરવું જોઈએ તે બાબતને લઈને કહ્યું, “યરૂશાલેમમાં કે સમરૂનના પહાડો પર” ઈસુએ કહ્યું સાચા ભજનીકોએ પિતાનું ભજન આત્મા તથા સત્યતાથી કરવું જોઈએ.



“મને ખબર છે કે મસીહ આવી રહ્યો છે.” એ સ્ત્રીએ ઈસુને કહ્યું. “જયારે તે આવશે ત્યારે તે બધું અમને કહી સંભળાવશે.” “હું જે તારી સાથે વાત કરી રહ્યો છું તે તે જ છે.” ઈસુએ તેને કહ્યું. એ જ સમયે તેના શિષ્યો આવી પહોંચ્યા. આ સ્ત્રી પોતાનો મોટો પાણી ભરવાનો ઘડો ત્યાં મૂકીને શહેર તરફ ચાલી નીકળી.



"આવો ને જૂઓ, કે તે માણસે જેણે મને મેં જે કાંઈ કર્યું છે તે સઘળુ કહી બતાવ્યું." આ સ્ત્રીએ સૈખરના લોકો ને જણાવ્યું. "તે મસીહા હોઈ શકે છે?" માણસો શહેર મૂકીને ઈસુને જોવા નીકળી આવ્યા, જેથી તેઓ જાતે આવીને તેને જોઈ શકે.



એ સમય દરમિયાન તેના શિષ્યોએ તેને જમવા માટે વિનંતી કરી. પણ ઈસુએ તેમને કહ્યું કે, “જેણે મને મોકલ્યો છે તેનું કામ પુરું કરવું એ જ મારો ખોરાક છે.” તેમનું કામ હતું કે તે લોકોને ઈશ્વરની પાસે ખેંચી લાવે.



આ સ્ત્રીના સંદેશને કારણે ઘણા સમરૂનીઓએ
તેના પર
વિશ્વાસ કર્યો.
તેઓએ ઈસુને
કહ્યું કે તે તેમની
સાથે રહે, અને
તે તેમની સાથે
બે દિવસ રહ્યો.



ઈસુના પોતાના બોલેલા શબ્દો સાંભળીને ઘણા બધા લોકોએ તેના પર વિશ્વાસ મૂક્યો, "... હવે અમે જાતે તેને સાંભળ્યો અને ઓળખ્યો છે કે ખચીત તે મસીહ તે દુનિયાનો ઉદ્ધારકર્તા છે."



# કૂવા પાસે સ્ત્રી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યોહાન ૪

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬